# <u>શિક્ષણ વિભાગ</u>

# <u>ગુજરાત સરકાર</u>

## ગુજરાત રાજ્યના બજેટ સત્ર માટે વિધાનસભાના માન. સભ્યશ્રી ડૉ.મહેન્દ્ર પાડલીયાનું વક્તવ્ય

**માન. અધ્યક્ષશ્રી**

આ બજેટ સત્રમાં ઉચ્ચ શિક્ષણ બાબતે બજેટમાં કરવામાં આવેલી જોગાઈઓ માટે મને મારા વિચારો રજૂ કરવાની તક આપવા બદલ હું આપનો આભાર માનું છું.

**માન. અધ્યક્ષશ્રી**

શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી થઇ રહી છે જેની નોંધ સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે પણ લેવામાં આવી રહી છે.

ગુજરાતે છેલ્લા બે દાયકામાં શિક્ષણના ક્ષેત્રે સાતત્યપૂર્ણ વિકાસ કર્યો છે. ત્મેઆ શિક્ષણ ક્ષેત્રેમાં આમૂલ પરિવર્તન લાવવમાં આવેલ છે. તે આપણે સહુ અનુભવી રહ્યા છીએ.

**માન. અધ્યક્ષશ્રી**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે NEP-2020 બાબતે જણાવતા કહેલ કે આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ સાથે જોડાયેલ છે. અને તેનો હેતુ ભારતને વૈશ્વિક જ્ઞાન મહાસતા World Knowledge Super Power બનાવવાનો છે અને તે દિશામાં ગુજરાતની શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દેશના અગ્રેસર રહી છે.

**માન. અધ્યક્ષશ્રી**

આ વર્ષે માનવ સંસાધન વિકાસ માટે શિક્ષણ માટે રૂ. ૫૫૧૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તે માટે રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી માન.શ્રી કનુભાઈ દેસાઈને અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી**

KG થી PG સુધીની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ શિરમોર છે. અને તેથી જ તેની જવાબદારી પણ સૌથી વધુ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની જાહેરાત વખતે જણાવેલું કે ૨૧મી સદીના નવા ભારતના નિર્માણનો પાયો નાખનાર સાબિત થશે.

**માનનીય અધ્યક્ષશ્રી**

NEP-2020 ના વિઝન અને ધ્યેયોને વેગ આપવા માટે એક ચોક્કસ રોડ મેપ બનાવીને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે વિવિધ પગલાં લીધેલ છે. ગુજરાત વિધાનસભા દ્વારા ગુજરાત પબ્લિક યુનીવર્સીટીઝ અધિનિયમને મંજુરી અપાતા ૧૧ સરકારી યુનીવર્સીટીઓમાં વહીવટ, શિક્ષણ, પરીક્ષાઓ તથા વિદ્યાર્થીલક્ષી બાબતે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં દર્શાવેલ સુધારો થશે.

**માન. અધ્યક્ષશ્રી**

૨૦૨૩માં ૧૧ જેટલી યુનીવર્સીટીઓમાં લાવી, NEP–2020 માં સૂચવેલા માર્ગદર્શનનો ત્વરિત અમલ કરેલ છે. તેથી ગુજરાતમાં NEP- 2020 ના અમલીકરણ સરળ બન્યું છે.

**માન. અધ્યક્ષશ્રી**

ગુજરાત રાજ્યમાં તમામ યુનીવર્સીટીઓમાં તમામ વિદ્યાર્થીઓને સમાન એડમિશનની તક મળે તે માટે રાજ્યની તમામ યુનીવર્સીટીઓમાં એડમીશન માટે એક કોમન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ અંતર્ગત યુનીવર્સીટીના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે. જેમાં શરૂઆતથી અંત સુધીની એડમીશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે એક સરળ અને સુનિશ્ચિત એપ્લીકેશન વિક્સાવવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

આ પોર્ટલમાં ગુજરાતના ૩૩ જીલ્લાઓમાં એક્સેસ અને ઈક્વિટી સુનિશ્ચિત કરવા માટે ૧૦૮ યુનિવર્સિટીઓ (૧૬ પબ્લિક યુનિવર્સિટીઓ, ૦૨ સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૧૦ ઇન્સ્ટીટયુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સ, ૦૨ સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૬૫ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ અને ૧૩ સેકટોરલ યુનિવર્સિટીઓ) નો સમાવેશ કરવામાં આવ્યો છે.

માન. અધ્યક્ષશ્રી

NEP-2020 ના અમલીકરણ માટે એક સામાન્ય સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) ૨૬મી જુલાઈ ૨૦૨૩ના રોજ બહાર પાડવામાં આવી છે. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ઓટોનોમસ કોલેજોએ ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સામાન્ય SOPનું ફરજીયાતપણે પાલન કરવાનું છે. હાલમાં ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)માં દર્શાવવામાં આવેલ તમામ કોર્સિસ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસક્રમોની રચના કરવામાં આવી રહી છે.

**માન. અધ્યક્ષશ્રી**

ટેકનિકલ શિક્ષણ હેઠળની વિવિધ સરકારી સંસ્થાઓ ખાતે

- Artificial Intelligence and Machine Learning (Al-ML),
- Computation and Advanced Software including Cloud Services,
- Coding,
- Cyber Physical Systems,
- Semiconductor Design and Advanced Verification,
- Electric Vehicle,
- Advanced Manufacturing and Robotics,
- Drone Technology,

જેવા વિવિધ emerging technology ના કુલ **૧૩ સેન્ટર ઓફ એક્સલન્સ (CoE)** સ્થાપવા માટે ચકાસણી કરીને તેને shortlist કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

ટેકનીકલ શિક્ષણ હેઠળની સંસ્થાઓ અંતર્ગત ડીગ્રી ઈજેનેરી કોલેજ, ડીગ્રી ડીપ્લોમાં ઈજનેરી કોલેજો દ્વારા નવ સંશોધન માટે કુલ ૨૦૬ પેટન્ટ રજીસ્ટર થયા છે.

**માન. અધ્યક્ષશ્રી**

કુલ ૪૨૯ ઇન્ક્યુબેશન સ્ટાર્ટઅપ માટે રૂ.૨૩૦૦ કરોડની ઇનોવેશન ઇકો સીસ્ટમ ડેવલપ કરવામાં આવી રહી છે. તેમાં રૂ. ૩૪૦ કરોડનું પ્રાઈવેટ ફંડ ઉભું કરવામાં આવેલ છે જેના થકી આ સ્ટાર્ટઅપ દ્વારા રૂ. ૪૩૦ કરોડની રેવન્યુ જનરેટ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

**રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA)** અંતર્ગત રાજ્યની કુલ ૨૯૪ લાભાર્થી સંસ્થાઓ (૯ યુનિવર્સિટીઓ તથા ૨૮૫ કોલેજો) માટે કુલ રૂ.૪૬૩ કરોડનું અનુદાન મંજુર કરવામાં આવેલ છે. રૂ.૩૧૧.૬૪ કરોડના અનુદાનની ફાળવણી યુનિવર્સિટી/કોલેજીસના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, ઇક્વિટી ઈનીશીએટીવ, ઇક્વિટી ઓપોર્ચ્યુનિટી સેલ, અને ફેકલ્ટી ઈમ્પ્રુવમેન્ટ જેવા હેતુ માટે વિવિધ કમ્પોનેન્ટ અંતર્ગત ઇક્વિટી, એક્સેસ અને એકસલન્સને આધાર સ્તંભ રાખી પૂરું પાડવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

**સ્ટાર્ટઅપ સૃજન પ્રોગ્રામ** હેઠળ, આ વર્ષે રાજ્યભરમાંથી ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ તરફથી બીજા જૂથમાં મળેલ ૩૬૫ અરજીઓ પૈકી સ્ક્રીનિંગ અને મંજૂરી બાદ ૧૫૦ ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને કુલ ૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તેમજ વિવિધ પ્રકારના સપોર્ટ આપવામાં આવશે. કુલ **૨૫૦૦ પ્રૂફ ઓફ કન્સેપ્ટ** ડેવલપ કરવા માટે સપોર્ટ કરવામાં આવી રહેલ છે. કુલ **૪૨૯ ઇન્કયુબેશન સ્ટાર્ટઅપ** માટે **રૂ.૨૩૦૦ કરોડની ઇનોવેશન ઇકો સિસ્ટમ** ડેવલપ કરવામાં આવી રહી છે જેમાં રૂ.૩૪૦ કરોડનું પ્રાઇવેટ ફંડ raise કરવામાં આવ્યા છે. જેના થકી આ સ્ટાર્ટઅપ્સ દ્વારા રૂપિયા ૪૩૦ કરોડની રેવન્યુ જનરેટ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

**"ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન -2023" (પાંચમી આવૃત્તિ)** અગાઉની હેકાથોન આવૃત્તિઓ તરફ એક પગલું આગળ વધશે, જેમાં 12,000 થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે અને સમસ્યાઓના નિરાકરણ પર કામ કરશે.

**છેલ્લે નેલ્સન મંડેલાનું એક વાક્ય યાદ આવી રહ્યું છે કે,**

**“Education is the most powerful weapon which you can use to change the world”.**

**“શિક્ષણ એ એક માત્ર એવું હથિયાર છે જેનાથી આપને વિશ્વને બદલી શકીએ છીએ”.**